# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/૨૫૪ તા. ૦૮.૧૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૧/ક્વા-૦૨/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી ગોજીયા વજસીભાઈ સામતભાઈ ગામ – ભાણખોખરી

સબડીવીઝન: વડત્રા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળિયા

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: શુક્રવાર (૨૨.૧૦.૨૦૨૧)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો ગ્રા.નં. ૮૮૯૦૪/૦૦૯૩૭/૫ વાળું ૧૦.૦ હો.પા. નું ખેતીવાડી વિજ-જોડાણ વડત્રા સબ-ડિવીઝન હેઠળ ધરાવીએ છીએ.અમોને સપ્ટે-ઓક્ટો-૨૦૨૦ નું બિલ અચાનક ૧૫૫૬૩૧ યુનિટનું આપવામાં આવેલ ખેતીવાડી વિજ્જોડાણમાં ૨ (બે) મહિનામાં આટલો વપરાશ ટેક્નીકલી શક્ય નથી. આ અંગે એમોએ વડત્રા સબ-ડિવીઝન કચેરીએ રૂબરૂ રજુઆત કરીને આગલા ત્રણ વિજબિલની એવરેજના આધારે વિજબિલ સુધારી આપવા વિનંતી કરેલ પરંતુ અમારી વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. અમોને સપ્ટેઓકટો-૨૦૨૦ નું વિજબિલ સુધારી આપવા સક્ષમ અધિકારીશ્રી ને હુકમ કરવા વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ શ્રીને જણાવવાનું કે અત્રે ના હેઠળની વડત્રા સબ ડિવિઝન કચેરીના ગ્રાહક શ્રી ગોજીયા વજસીભાઈ સામતભાઈ ગ્રાહક નં. ૮૮૯૦૪/૦૦૯૩૭/૫ દ્વારા ખેતીવાડી વીજ જોડાણ ના મીટર ના રીડિંગ જં પ મારી ગયેલ હોય તો તે અંગે સીજીઆરએફ જુનાગઢ ને કેસ. નં.૧૧/ક્વા-૦૨/૨૦૨૧-૨૨ થી ફરિયાદ કરેલ છે.

૨.૧ સદર ફરિયાદ ના અનુસંધાને વડત્રા પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહકનું મીટર તેમની હાજરીમાં બદલાવી પીજીવીસીએલ મીટર લેબોરેટરીમાં તા. ૧૬.૧૦.૨૦૨૧ ના ગ્રાહકની હાજરી માં ચકાસી ને ટેસ્ટ કરેલ. ટેસ્ટ કરતાં મીટર ડિફેક્ટિવ હોવા થી સુધારી ને એવરેજ બિલ આપી ને બાકી રકમ ગ્રાહક ને જમા આપેલ છે.

૨.૨ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી એ તા. ૧૬.૧૦.૨૦૨૧ ફરિયાદ નું શુધ્ધ નિવારણ થયેલ છે. જેથી આગળ આ કેસ હવે આગળ ચલાવવાનો રહેતો નથી.તથા તા.૧૬.૧૦.૨૦૨૧ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ અને ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની વડત્રા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ ખંભાળિયા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૧૬.૧૦.૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રીની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |